# ઉધનામાં 15000 મુસાફરની ભીડ થશે

**ભીડ** વ્યવસ્થાપન અને દેખરેખ માટે હોલ્ડિંગ એરિયાનો ઉપયોગ શરૂ

**એપ્રિલમાં** લાઠીચાર્જ કરવો પડ્યો હતો

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર ઉત્તર ભારત જનારા મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના મુંબઈ મંડળે ઉધના રેલવે સ્ટેશન પર વિશેષ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. રવિવાર, 25 ઓક્ટોબરથી સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ ઉમટવાની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખીને ભીડ વ્યવસ્થાપન અને દેખરેખ માટે હોલ્ડિંગ એરિયાનો ઉપયોગ શરૂ કરવામાં આવશે. રેલવેને સવારના છ કલાકમાં લગભગ 15 હજાર મુસાફરોના સ્ટેશન પર પહોંચવાની શક્યતા છે. તાજેતરમાં ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ કતારમાં ઉભેલા મુસાફરો ટ્રેન આવતા જ કાબૂ બહાર થઈ ગયા હતા અને પ્લેટફોર્મ પર બેરીકેટ્સ કૂદીને દોડધામ મચાવી હતી. જેથી હળવો લાઠીચાર્જ પણ કરવામાં આવ્યો હતો.

### 100 જવાન, 25 ચેકિંગ સ્ટાફ અને 13 બુકિંગ કાઉન્ટર

સ્ટેશન પર સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે રેલવે સુરક્ષા દળ (RPF) અને રાજકીય રેલવે પોલીસ (GRP)ના કુલ 100 જવાન તૈનાત રહેશે. આ ઉપરાંત 25 ટિકિટ ચેકિંગ સ્ટાફ અને 13 બુકિંગ કાઉન્ટરો દ્વારા મુસાફરોને સેવાઓ પૂરી પાડવામાં આવશે. મુસાફરોની તબિયત બગડે કે કોઈ ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટે મેડિકલ ટીમ પણ તૈનાત રહેશે.

### સવારે 5થી 11 વાગ્યા વચ્ચે ચાર ટ્રેન ઉપડશે

25 ઓક્ટોબરે સવારે 5 વાગ્યાથી 11 વાગ્યા વચ્ચે ઉધના સ્ટેશનથી ચાર ટ્રેન ઉપડશે. જેમાં ઉધના-જયનગર સ્પેશિયલ, ઉધના-જયનગર અંત્યોદય અનારક્ષિત, તાપ્તી ગંગા એક્સપ્રેસ અને ઉધના-જયનગર સ્પેશિયલ અનારક્ષિત ટ્રેનનો સમાવેશ થાય છે.જ નરલ ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરો માટે ક્યૂ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. હોલ્ડિંગ એરિયામાં મુસાફરોને નિયંત્રિત રીતે રાખવામાં આવશે, જેથી પ્લેટફોર્મ પર એકસાથે વધુ પડતી ભીડ એકઠી ન થાય અને ટ્રેનમાં ચડતી વખતે અવ્યવસ્થા ન સર્જાય.

**DRM પણ હાજર રહેશે:** ભીડ વ્યવસ્થાપનની દેખરેખ માટે મુંબઈ મંડળના મંડલ રેલ પ્રબંધક (DRM), સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (DCM), આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર (ACM) અને એરિયા રેલ મેનેજર (ARM) પોતે સ્થળ પર હાજર રહેશે. અધિકારીઓની હાજરીમાં સ્ટેશન પર મુસાફરોની સંખ્યા, કતારો અને ટ્રેનોમાં ચડવાની વ્યવસ્થા પર નજર રાખવામાં આવશે.







## વાહનોના મનપસંદ VIP નંબર મેળવવા 26થી ઓનલાઈન અરજી શરૂ

સુરતઃ પોતાની બાઈક કે કાર માટે મનપસંદ VIP નંબર લેવા ઈચ્છતા વાહન માલિકો માટે સુરતના પાલ સ્થિત RTO કચેરી દ્વારા ટુ-વ્હીલરની નવી GJ05VA સિરીઝ અને ફોર-વ્હીલરની 11 સિરીઝના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું રી-ઓક્શન કરવામાં આવશે. આ માટે 26 થી 28 ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે, જ્યારે 28 થી 30 ઓક્ટોબર સુધી ઈ-હરાજી યોજાશે. ફોર-વ્હીલરની જે સિરીઝના નંબરોની ફરીથી હરાજી થશે તેમાં GJ05RW, GJ05RX, GJ05RY, GJ05RZ, GJ05JT, GJ05JU, GJ05JV, GJ05JW, GJ05JX, GJ05JY અને GJ05JZ નો સમાવેશ થાય છે. મનપસંદ નંબર મેળવવા માટે વાહન માલિકોએ પરિવહન વિભાગના પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી યુઝર આઈડી અને પાસવર્ડ બનાવવાનો રહેશે. RTOના નિયમો મુજબ, મનપસંદ નંબર માટેની અરજી સેલ ઈનવોઈસ અને વીમા તારીખમાંથી જે પહેલા હોય તેનાથી સાત દિવસની અંદર કરવાની રહેશે.

# હાઈકોર્ટના આકરા વલણથી વડોદરાના કલેક્ટર ધામેલિયાની મુશ્કેલી વધી

**ન્યાયાધીશ** અંગેની ટિપ્પણીવાળી એફિડેવિટ પર હાઈકોર્ટ લાલઘૂમ; બિનશરતી માફી ફગાવી

**GAD** પાસે કાયદેસર અને શિસ્તભંગનાં પગલાં અંગે ખુલાસો માગ્યો

**જસ્ટિસ** નિરલ મહેતાની ટકોર બાદ સરકારના વલણ પર નજર

**૨૭ નવેમ્બરે** ફરી સુનાવણી, ધામેલિયા સામે કાર્યવાહી થાય તો બદલીનો વિકલ્પ પણ ચર્ચામાં

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાના કલેક્ટર અનિલ ધામેલિયાની મુશ્કેલીઓ વધી છે.

જમીનને બિનખેતી (એન.એ.) કરવાની મંજૂરી અને ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના આદેશોને લગતા કેસમાં ન્યાયિક અધિકારીની કામગીરી અંગે સોગંદનામામાં કરવામાં આવેલી ટિપ્પણીથી હાઈકોર્ટ ભારે નારાજ થઈ છે.

કલેક્ટરે બિનશરતી માફી માગીને વિવાદાસ્પદ એફિડેવિટ પાછી ખેંચવાની તૈયારી દર્શાવી હોવા છતાં કોર્ટે માફી સ્વીકારવાનો ઇનકાર કર્યો છે. એટલું જ નહીં, રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઇન્ચાર્જ અધિક મુખ્ય સચિવ ટી. નટરાજનને ઓનલાઇન કાર્યવાહી સાથે જોડીને કલેક્ટર સામે કાયદેસર અને શિસ્તભંગનાં કયાં પગલાં લઈ શકાય તે અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે.

હાઈકોર્ટના આ આકરા વલણ બાદ હવે રાજ્ય સરકાર ધામેલિયા સામે શું પગલાં લે છે તેના પર નજર મંડાઇ છે. વહીવટી વર્તુળોમાં તેમની સંભવિત બદલીના ભણકારા પણ વાગવા લાગ્યા છે, જોકે હાલ તેમની બદલી અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

### ન્યાયિક અધિકારી અંગેની ટિપ્પણી ભારે પડી

આ સમગ્ર વિવાદ જમીનને બિનખેતી ઉપયોગ માટેની મંજૂરી અને ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના આદેશો સાથે સંકળાયેલા કેસમાંથી ઊભો થયો છે. સંબંધિત ઓનલાઇન પોર્ટલ પર વિગતો ઉપલબ્ધ ન હોવા અંગે રજૂઆત કરવા માટે કલેક્ટર અનિલ ધામેલિયાએ હાઈકોર્ટમાં એફિડેવિટ રજૂ કરી હતી. જોકે, સોગંદનામામાં ન્યાયિક અધિકારી કેસને યોગ્ય દૃષ્ટિકોણથી જોઈ રહ્યા ન હોવા અંગે કરવામાં આવેલી ટિપ્પણી કોર્ટે ગંભીરતાથી લીધી હતી. હાઈકોર્ટની ટકોરનો મુખ્ય સૂર એ હતો કે સંબંધિત પોર્ટલ પર આદેશની એન્ટ્રી દેખાતી ન હોવાની હકીકત રજૂ કરવા પૂરતું હતું. તેના બદલે ન્યાયિક અધિકારીના અભિગમ અંગે ટિપ્પણી કરવાની જરૂર શા માટે પડી, તેવો સવાલ કોર્ટે ઉઠાવ્યો હતો. વહીવટી અધિકારીઓએ ન્યાયિક પ્રક્રિયા અને પોતાની સત્તાની મર્યાદા વચ્ચેનો ભેદ જાળવવો જોઈએ, તેવો સ્પષ્ટ સંદેશ આ કાર્યવાહીમાંથી સામે આવ્યો છે.

### અગાઉના વિવાદોની પૃષ્ઠભૂમિ પણ મહત્વની

ધામેલિયા અગાઉ પણ જમીનના બિનખેતી મંજૂરીના કેસોમાં હાઈકોર્ટની ટકોરનો સામનો કરી ચૂક્યા હોવાના અહેવાલો છે. અગાઉના કેસોમાં હાઈકોર્ટના આદેશોના અમલ અને વહીવટી નિર્ણયોને લઈને ઊભા થયેલા વિવાદોની પૃષ્ઠભૂમિમાં તાજેતરની એફિડેવિટનો મામલો વધુ ગંભીર બન્યો છે. આ વખતે ન્યાયિક અધિકારી અંગેની ટિપ્પણી, માફીનો અસ્વીકાર અને વરિષ્ઠ સચિવ પાસે કાર્યવાહી અંગે સ્પષ્ટતા માગવામાં આવતાં સરકારની ભૂમિકા નિર્ણાયક બની છે.

### માફી માંગી, છતાં હાઈકોર્ટે રાહત ન આપી

હાઈકોર્ટના આકરા વલણ બાદ કલેક્ટર ધામેલિયાએ બિનશરતી માફી માગી હતી અને વિવાદાસ્પદ એફિડેવિટ પાછી ખેંચવાની તૈયારી પણ દર્શાવી હતી. આમ છતાં હાઈકોર્ટે માફી સ્વીકારવાને બદલે અધિકારીના વર્તન અંગે જવાબદારી નક્કી કરવાની દિશામાં કાર્યવાહી આગળ ધપાવી છે. જસ્ટીસ નિલય મહેતાએ સામાન્ય વહીવટ વિભાગના ઇન્ચાર્જ અધિક મુખ્ય સચિવ ટી. નટરાજનને ઓનલાઇન સુનાવણીમાં જોડીને કલેક્ટર સામે કાયદા હેઠળ કઈ કાર્યવાહી થઈ શકે અને શિસ્તભંગ બદલ કયા પગલાં લઈ શકાય તે અંગે સરકારનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું છે. આથી હવે મામલો માત્ર એફિડેવિટ પાછી ખેંચવા કે માફી માગવા પૂરતો રહ્યો નથી; રાજ્ય સરકાર અધિકારી સામે શું પગલું ભરે છે તે પણ આગામી સુનાવણીનો મહત્ત્વનો મુદ્દો બનશે.

### હવે સરકારના નિર્ણય પર નજર, બદલીના ભણકારા

હાઈકોર્ટના આ વલણ બાદ વહીવટી વર્તુળોમાં ધામેલિયાની બદલી અથવા તેમની સામે પ્રાથમિક તપાસ શરૂ થવાની સંભાવનાઓ અંગે ચર્ચા છે. સરકાર હાઈકોર્ટ સમક્ષ કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવા માગતી હોય તો વહીવટી પગલાંના વિકલ્પો પર વિચાર થઈ શકે છે. જોકે, હાલ બદલી નક્કી થઈ ગઈ હોવાનો કોઈ સત્તાવાર આધાર નથી. તેથી ધામેલિયાની બદલીના ભણકારા વચ્ચે હવે સરકાર કઈ દિશામાં આગળ વધે છે તે જોવાનું રહેશે. આ કેસની આગામી સુનાવણી ૨૭ નવેમ્બરે હાથ ધરાશે. તે પહેલાં સામાન્ય વહીવટ વિભાગ કલેક્ટર સામે સંભવિત કાયદેસર અને શિસ્તભંગનાં પગલાં અંગે શું વલણ રજૂ કરે છે, તેના પર સૌની નજર રહેશે.

# ગરીબ રથ એક્સપ્રેસમાં ત્રણ TTE સાથે મારપીટ

**રેલવે** કર્મીઓની સુરક્ષા પર ઊઠ્યા સવાલો, GRPમાં ફરિયાદની તૈયારી

**રેલ** મજૂર સંઘે ઉચ્ચસ્તરીય તપાસ અને કડક કાર્યવાહીની માંગ કરી

સુરતઃ નિઝામુદ્દીન-બાંદ્રા ગરીબ રથ એક્સપ્રેસમાં ડ્યુટી કરી રહેલા ત્રણ ટિકિટ ચેકિંગ સ્ટાફ (TTE) સાથે કથિત રીતે મારપીટનો મામલો સામે આવ્યો છે. ટ્રેનમાં ટિકિટ ચેકિંગ દરમિયાન આ મારપીટ થઈ હતી. પ્રભાવિત કર્મચારીઓની ઓળખ વસંત, અમિત અને અંકિત તરીકે થઈ છે.

મળેલી માહિતી મુજબ, આ ટ્રેન સુરત તરફ આવી રહી હતી. આ મામલે વડોદરા GRPમાં ફરિયાદ નોંધાવવાની વાત કહેવામાં આવી છે. ઘટના બાદ પશ્ચિમ રેલવે મજૂર સંઘના હોદ્દેદારો પ્રભાવિત કર્મચારીઓની મદદ માટે આગળ આવ્યા હતા. સંઘના મંડળ અધ્યક્ષ વડોદરા રેલવે સ્ટેશન પર હાજર રહ્યા હતા અને કર્મચારીઓને જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં સહયોગ કર્યો હતો. વડોદરા મંડળના સિનિયર DCMએ સ્ટેશન પહોંચીને કર્મચારીઓની મદદ કરવાના નિર્દેશ આપ્યા હતા. પશ્ચિમ રેલવે મજૂર સંઘે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકને પત્ર લખીને ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માંગ કરી છે. પત્રમાં પશ્ચિમ રેલવેના GRP અધિક્ષકને પણ મામલાથી અવગત કરાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંઘે માંગ કરી છે કે સીસીટીવી ફૂટેજ, મુસાફરોના નિવેદનો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓના આધારે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. જે લોકોની સંડોવણી સામે આવે, તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

# એકતાનગરમાં રૂ.16 કરોડના ખર્ચે 600 પ્રવાસીની ક્ષમતાવાળી નવી ક્રૂઝ

**નર્મદા** નદીમાં રિવર ટુરિઝમને વેગ મળશે, લાઇવ મ્યુઝિક અને કેટરિંગ-ડાઇનિંગની સુવિધાથી સજ્જ ક્રૂઝમાં ઉત્સવો અને સમારોહોનું પણ આયોજન થઈ શકશે



ગાંધીનગર, રાજપીપળાઃ સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓને હવે નર્મદા નદીમાં ક્રૂઝ પ્રવાસનો વધુ સુવિધાયુક્ત અનુભવ મળશે. એકતાનગરમાં સરદાર સરોવર ડેમના નીચવાસમાં નર્મદા નદી પર 16 કરોડના ખર્ચે 600 મુસાફરોની ક્ષમતા ધરાવતી નવી 'એકતા ક્રૂઝ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આધુનિક સલામતી વ્યવસ્થા, આરામદાયક બેઠક, લાઈવ મ્યુઝિક, કેટરિંગ અને ડાઈનિંગ જેવી સુવિધાઓથી સજ્જ આ ક્રૂઝ નદી આધારિત પ્રવાસનને નવું પરિમાણ આપશે. તેમાં પ્રવાસીઓના મનોરંજન ઉપરાંત વિવિધ કાર્યક્રમો, ઉત્સવો અને સમારોહોનું પણ આયોજન કરી શકાશે.

નવી ક્રૂઝમાં અંદાજે 360 ચોરસ મીટરનો વિસ્તાર અને સંચાલન માટે 400 હોર્સપાવરનું એન્જિન છે. વીજળીની જરૂરિયાત પૂરી કરવા ચાર ડીઝલ જનરેટર સેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આગથી રક્ષણ સહિતની સલામતી સુવિધાઓ સાથે ક્રૂઝમાં મુસાફરોની સુવિધા અને મનોરંજનને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે. નદીના પ્રવાસ દરમિયાન જ ભોજન અને અલ્પાહારની વ્યવસ્થા ઉપલબ્ધ થવાથી પ્રવાસીઓ માટે આ અનુભવ વધુ સુવિધાજનક બનશે.

સ્ટેચ્યુ ઑફ યુનિટી અને તેની આસપાસના પ્રવાસન આકર્ષણોને વધુ વૈવિધ્યપૂર્ણ બનાવવા માટે નવી ક્રૂઝ મહત્ત્વપૂર્ણ ઉમેરો બની શકે છે. નર્મદા રિવરફ્રન્ટનો પ્રવાસન પ્રવૃત્તિઓ માટે વધુ અસરકારક ઉપયોગ કરવાની સાથે વિવિધ કાર્યક્રમોના આયોજન અને કેટરિંગ મારફતે આવકની નવી તકો ઊભી કરવાનો પણ હેતુ છે.

# મેઈન લાઈન પર બ્લોકના કારણે રાજધાની સહિત અનેક ટ્રેનો મોડી પડશે

**સુરત** ઈન્ટરસિટી અને ફલાઈંગ રાની પણ પ્રભાવિત

**25 ઓક્ટોબરે** સફાલે સ્ટેશન પર નવા ક્રોસઓવરનું કામ

**મુસાફરોને** સમય ચકાસીને સ્ટેશન પહોંચવા અપીલ

સુરતઃ પશ્ચિમ રેલવેના વિરાર-સુરત સેક્શનના સફાલે સ્ટેશન પર નવા ક્રોસઓવરને કાર્યરત કરવા માટે રવિવાર 25 ઓક્ટોબરના રોજ બ્લોક લેવામાં આવશે. તેના કારણે સુરત આવ-જા કરતી અનેક મેલ-એક્સપ્રેસ ટ્રેનો પ્રભાવિત થશે. જેમાં બાંદ્રા ટર્મિનસ-સુરત ઈન્ટરસિટી એક્સપ્રેસ અને સુરત-મુંબઈ સેન્ટ્રલ ફલાઈંગ રાની એક્સપ્રેસનો પણ સમાવેશ થાય છે.

રેલવેના જણાવ્યા અનુસાર, સફાલે યાર્ડમાં નવા ક્રોસઓવરનું કામ પૂર્ણ કરવા માટે સવારે 7:20 થી 9:50 વાગ્યા સુધી અપ અને ડાઉન લાઈનો પર મેજર બ્લોક રહેશે. આ દરમિયાન બંને લાઈનો પર સવારે 9:05 થી 9:50 વાગ્યા સુધી સંપૂર્ણ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

### કઈ ટ્રેનો મોડી પડશે?



બ્લોકના કારણે 25 ઓક્ટોબરના રોજ ટ્રેન નંબર 12935 બાંદ્રા ટર્મિનસ-સુરત ઈન્ટરસિટી એક્સપ્રેસ અને ટ્રેન નંબર 12922 સુરત-મુંબઈ સેન્ટ્રલ ફલાઈંગ રાની એક્સપ્રેસ 30 મિનિટ મોડી ચાલશે. આ ઉપરાંત 24 ઓક્ટોબરના રોજ ઉપડનારી ટ્રેન નંબર 12248 હઝરત નિઝામુદ્દીન-બાંદ્રા ટર્મિનસ યુવા એક્સપ્રેસ, 22990 મહુવા-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ અને 12954 હઝરત નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ ઓગસ્ટ ક્રાંતિ તેજસ રાજધાની એક્સપ્રેસ પણ 30 મિનિટ મોડી ચાલશે. જ્યારે ટ્રેન નંબર 19578 જામનગર-તિરુનેલવેલી એક્સપ્રેસ 25 મિનિટ મોડી ચાલશે. રેલવેના આ બ્લોકનો હેતુ યાર્ડમાં સંચાલન વ્યવસ્થાને વધુ સારી બનાવવાનો છે.

# GIDCની જેમ સુડા વિસ્તારમાં પણ ઉદ્યોગોને 3.0 સુધી FSI આપો

**જમીનની** અછત વચ્ચે વર્ટિકલ ડેવલપમેન્ટથી ઉદ્યોગોના વિસ્તરણની તક આપવા ચેમ્બરની માંગ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક જમીનની અછત વચ્ચે ઉદ્યોગોને વિસ્તરણની તક આપવા GIDCની જેમ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી હેઠળના ઔદ્યોગિક ઝોનમાં પણ મહત્તમ 3.0 સુધી પેઈડ FSIનો લાભ આપવાની માગ સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) એ રાજ્ય સરકાર સમક્ષ કરી છે. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈને આવેદનપત્ર પાઠવી આ અંગે રજૂઆત કરી છે.

ચેમ્બરે જણાવ્યું છે કે GIDCની મોટાભાગની વસાહતોમાં નવા પ્લોટની અછત હોવાથી હયાત ઉદ્યોગો માટે વિસ્તરણ અઘરું બન્યું છે.

બીજી તરફ, ડેવલપમેન્ટ પ્લાન હેઠળના ઔદ્યોગિક ઝોનમાં ખાનગી પ્લોટ ધરાવતા અનેક એકમો કાર્યરત છે. આવા એકમોને પણ GIDC સમકક્ષ FSI મળે તો હાલની જમીન પર જ બાંધકામ વધારી આધુનિક મશીનરી સ્થાપી શકાય. SGCCIએ પાત્ર ઔદ્યોગિક એકમોને સમાન FSI આપવા, અગાઉના ઠરાવ અને નવા CGDCR સુધારા વચ્ચે એકસૂત્રતા લાવવા સરકારી પરિપત્ર અથવા ઠરાવ બહાર પાડવા તથા માત્ર GIDCની બહાર હોવાને કારણે ખાનગી ઔદ્યોગિક પ્લોટને લાભથી વંચિત ન રાખવા માંગ કરી છે.

### બેઝ FSI 1.6, પેઈડ FSIથી 3.0 સુધી બાંધકામની જોગવાઈ

રાજ્યના શહેરી વિકાસ વિભાગે 14 ઓગસ્ટ, 2026ના નોટિફિકેશનથી CGDCRના ટેબલ 6.19ની કેટેગરી D9માં સુધારો કરી ઔદ્યોગિક બાંધકામ માટે નવું FSI માળખું જાહેર કર્યું છે. તે મુજબ બેઝ FSI 1.6 સુધી છે. FSI 1.6થી 2.4 સુધી વધારવા ફાળવેલી કિંમત અથવા જંત્રી દર, બેમાંથી જે વધુ હોય તેના 40 ટકા અને FSI 2.4થી 3.0 સુધી વધારવા 50 ટકા લેખે ચાર્જની જોગવાઈ છે. ચેમ્બરે નોંધ્યું છે કે 20 સપ્ટેમ્બર, 2025ના સરકારી ઠરાવ હેઠળ ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગત મંજૂર ઇન્ડસ્ટ્રિયલ પાર્ક્સને GIDC સમકક્ષ પેઈડ FSIનો લાભ અપાયો હતો. હવે નોન-GIDC ઔદ્યોગિક ઝોનને પણ આ લાભ મળે તે જરૂરી છે.

# અઠવા પોલીસે બે સ્થળેથી MD ડ્રગ્સ સાથે ત્રણને ઝડપી પાડ્યા

**સગરામપુરામાં** કાર અને એક્ટિવા મોપેડ સાથે કુલ રૂપિયા ૮.૯૫ લાખથી વધુનો MD ડ્રગ્સ અને મુદ્દામાલ જપ્ત

સુરત : અઠવાલાઈન્સ પોલીસે ગેરકાયદે રીતે MD ડ્રગ્સ (મેફેડ્રોન) ની હેરાફેરી કરતા અલગ-અલગ બે ગુનાઓમાં ત્રણ ઈસમને ઝડપી પાડી ૪૯ હજારથી વધુની કિંમતનું MD ડ્રગ્સ તેમજ વાહનો, મોબાઈલ સહિત લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અઠવા પોલીસ સ્ટેશનની એન્ટી નાર્કોટિક્સ વિંગ યુનિટ-૨એ સગરામપુરા મેન રોડ, ભંડારી વાડ, હીરા મોદીની શેરી પાસે આવેલા મુકેશ એગ સેન્ટરની પાસેથી બાતમીના આધારે ગોપાલ લક્ષ્મીપ્રસાદ વર્મા (ઉ.વ. ૩૮, રહે. શુભમ મારવેલા, મધુરમ સર્કલ પાસે, ડીંડોલી, સુરત) ની અંગઝડતી અને વાહનની તપાસ કરતાં તેની પાસેથી કુલ ૮.૪ ગ્રામ MD ડ્રગ્સ (કિંમત ૨૫,૨૦૦) મળી આવ્યું હતું. પોલીસે રોકડા, ગુનામાં વપરાયેલી કાર સહિત કુલ ૮,૦૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં આ જથ્થો આપનાર ભેસ્તાનના મોબીન ઉર્ફે શાહરૂખ શાને વોન્ટેડ જાહેર કરાયો છે.

તો બીજી તરફ પોલીસે સગરામપુરા તલાવડી ચાર રસ્તા, મૌલવી સ્ટ્રીટ ગલીના નાકે કિસ્મત જ્યુસની દુકાન પાસેથી બાતમીના આધારે અયાઝ ફિરોઝ પટેલ (ઉ.વ. ૩૦, રહે. ખાડી નવો રોડ, સગરામપુરા; મૂળ ભરૂચ) અને મોહમદ બિલાલ ગુલામ હુસેન અચ્છા (ઉ.વ. ૩૦, રહે. મૌલવી સ્ટ્રીટ, સગરામપુરા)ને ઝડપી પાડી ૮.૦૧ ગ્રામ MD ડ્રગ્સ સહિત૯૪,૦૩૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર રાંદેરના મોહસિન શેખ ઉર્ફે મોહસિન છત્રીને વોન્ટેડ જાહેર કરાયો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### 410 કરોડના...

પાસેથી બે આરોપીઓને ટ્રેસ કરીને ઝડપી લીધા હતા.

### સુરતના વેપારી પાસેથી ૨૩.૩૮ લાખ પડાવ્યા

આરોપીઓએ વેપારી પાસે 'HB Ultra' અને 'IISL Sec' નામની બોગસ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ત્યારબાદ આ એપ્લિકેશન મારફતે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૨૩,૩૮,૮૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. વેપારી જ્યારે નફો કે રકમ વિડ્રો કરવા ગયા ત્યારે પૈસા ઉપાડવા ન દઈ છેતરપિંડી આચરવામાં આવી હતી.

### યુરોપમાં ભણતો...

'મ્યુલ એકાઉન્ટ્સ' ખોલાવતો હતો. સાયબર ફ્રોડથી મેળવેલા નાણાં આ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી, તેને USDT માં કન્વર્ટ કરીને ચાઈનીઝ ગેંગને મોકલી આપતો અને બદલામાં ઊંચુ કમિશન મેળવતો હતો.

### આરોપીઓની કરમકુંડળી...

નાનપુરા, અઠવાલાઇન્સ સુરત, મૂળ રહે. મુઝફ્ફરનગર, ઉત્તર પ્રદેશ) કેટરર્સમાં મજૂરી કામ કરે છે અને અભણ છે.

### વોટર સ્પોર્ટ્સ...

ગયા વર્ષે સુવાલી બીચ ફેસ્ટિવલમાં 4.65 લાખથી વધુ મુલાકાતીઓ ઉમટ્યા હતા. આ વર્ષે આયોજનને વધુ ભવ્ય બનાવવાની સાથે પ્રવાસીઓની સુવિધા અને સુરક્ષા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. હજીરા વિસ્તારની ઔદ્યોગિક કંપનીઓ પણ CSR ફંડ હેઠળ સહયોગ આપે તેવી અપેક્ષા છે. સુવાલી બીચને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા છેલ્લા ત્રણ વર્ષમાં કરોડો રૂપિયાના ખર્ચે રસ્તા, લાઇટિંગ, શૌચાલયો અને સુરક્ષાની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. બીચ સુધી પહોંચવા માટે 10 મીટર પહોળો કાયમી ડામર રોડ બનાવાયો છે. AM/NS ઈન્ડિયાના સહયોગથી માર્ગ પર LED લાઇટ્સ અને હાઈમાસ્ટ ટાવર ઊભા કરાયા છે. પ્રવાસીઓની સુરક્ષા માટે વોચ ટાવર, જ્યારે દરિયા સુધી સરળતાથી પહોંચવા ત્રણ પાકા રેમ્પ તૈયાર કરાયા છે.

### સુંવાલી બીચ ફેસ્ટિવલની મુખ્ય હાઇલાઇટ્સ

- રાજ્ય સરકાર દ્વારા રૂપિયા 70 લાખની ફાળવણી ડિસેમ્બરના બીજા પખવાડિયામાં આયોજનની તૈયારી
- રોડ કનેક્ટિવિટીઃ રૂપિયા 6 કરોડના ખર્ચે 10 મીટર પહોળો કાયમી રસ્તો
- લાઇટિંગઃ AM/NS ઈન્ડિયાના CSR સહયોગથી LED લાઇટ્સ અને હાઈમાસ્ટ ટાવર
- પ્રવાસી સુવિધા : શૌચાલય, વિશાળ પાર્કિંગ અને સિટી બસ સેવા
- ગયા વર્ષની હાજરી : 4.65 લાખથી વધુ મુલાકાતીઓ. ડિસેમ્બર સુધીમાં ડિસ્ટિલેશન પ્લાન્ટ અને સરકારી રેસ્ટહાઉસ શરૂ કરવાનું આયોજન

### આઈટી...

તે મિનીબજાર ખાતેના પાલિકાના સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ કરવા ગયો હતો. સ્વિમિંગ દરમિયાન તે અચાનક પાણીમાં ડૂબી ગયો હતો. થોડીવાર બાદ પાણીમાં ઊંધો પડેલી હાલતમાં અન્ય સભ્યોની નજર તેના પર પડતાં બૂમાબૂમ થઈ હતી. ત્યારબાદ તેને તાત્કાલિક પાણીમાંથી બહાર કાઢીને હૃદયના ધબકારા ફરી શરૂ કરાવવા સીપીઆર આપવામાં આવ્યું હતું. જોકે, હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. વિમલ છેલ્લા ત્રણ મહિનાથી મિનીબજારના સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ શીખતો હતો. ચાલુ મહિનામાં સ્વિમિંગ શીખી લીધા બાદ ટ્રાયલ આપીને તે નિયમિત રીતે સવારે સ્વિમિંગ કરવા જતો હતો. જોકે, આ દરમિયાન બનેલી દુર્ઘટનામાં તેનું મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

### ગોલ્ડનો ભાવ...

ભાવે વેચાતી હતી, તેનો ભાવ આ વખતે વધીને રૂ.21,000 પર પહોંચી ગયો છે. આમ છતાં, મોજશોખ અને ખાનપાન માટે જાણીતા સુરતીઓમાં આ શુદ્ધ સોનાના વરખવાળી ઘારી પ્રત્યેનો ઉત્સાહ જરાય ઓછો થયો નથી. કેટલાક સમયથી શુદ્ધ સોનાના વરખવાળી 'ગોલ્ડ ઘારી' લોકો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. સુરતના સ્થાનિક મીઠાઈના વેપારીઓના જણાવ્યા મુજબ, કિંમતમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં ગ્રાહકો મોટો ખર્ચ કરીને પણ અગાઉથી ઓર્ડર આપીને એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે, જે પુરવાર કરે છે કે સુરતીઓ સ્વાદ અને મોજશોખ આગળ મોંઘવારીને પણ ગૌણ ગણે છે.

### વિદેશો સુધી ઓનલાઈન ડિમાન્ડ

વેપારી રાધાબેને જણાવ્યું હતું કે, ગોલ્ડ ઘારીની દેશના અન્ય રાજ્યો સહિત વિદેશોમાં વસતા ગુજરાતીઓમાં પણ તેની ભારે માંગ રહે છે. આધુનિક સમયમાં ઓનલાઈન માધ્યમો મારફતે દૂર-દૂરથી લોકો તેના સ્પેશિયલ ઓર્ડર નોંધાવી રહ્યા છે.

### હવે બજારમાં...

સાથે બંને ફ્લેવરનો સ્વાદ ઉમેરી Gen-Z માટે ઘારી તૈયાર કરી છે. જેનો કિલોનો ભાવ રૂ.1,200 છે. જ્યારે 'જંતર-મંતર'ની એક ઘારીનો ભાવ રૂ.1,000 છે. આ ઘારી અડધુ ચાંદી અને અડધું ગોલ્ડની વરખ સાથે બનાવી છે.

### ગરબામાંથી...

તરફ, ગુજરાત મેડિકલ કાઉન્સિલના ડૉ. નીતિન વોરાએ BHMS, CGO અને FCCS-USA જેવી લાયકાતોની માન્યતા તથા તેના આધારે મળતી કાયદેસર સત્તાની ખરાઈ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કોઈ વધારાનો કોર્સ કે પ્રમાણપત્રના આધારે જ દરેક પ્રકારની એલોપેથિક સારવાર અથવા સર્જરી કરવાની સત્તા મળી જાય એવું માની શકાય નહીં તેમ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત, ઓપરેશન દરમિયાન યોગ્ય સર્જિકલ વસ્ત્રો, સ્વચ્છતા અને ચેપ નિયંત્રણના નિયમોનું પાલન થયું હતું કે નહીં તે મુદ્દે પણ તપાસની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. જોકે, માત્ર ટ્રેડિશનલ ડ્રેસના આધારે જ તબીબી પ્રોટોકોલનો ભંગ થયો હોવાનું નક્કી કરી શકાય નહીં. તેના માટે સારવારની વાસ્તવિક પ્રક્રિયા અને ઉપલબ્ધ તથ્યોની ચકાસણી જરૂરી છે.

# હોટ ફિક્સના કચરાથી સુરત શહેર સ્વચ્છતામાં નંબર-1નો તાજ ગુમાવશે

**ધારાસભ્ય** કાનાણીનો મનપા પર આક્રોશ, વરાછા સહિતના અનેક વિસ્તારોમાં હોટ ફિક્સિંગના પ્લાસ્ટિક કચરાના વિશાળ અંબાર ખડકાઈ ગયા છે

સુરતઃ દેશભરમાં હાલ સ્વચ્છતા સર્વેક્ષણ ચાલી રહ્યું છે ત્યારે દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે નંબર એક પર બિરાજમાન સુરત માટે ગંભીર ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ મનપા તંત્ર સામે દાવો કરતાં જણાવ્યું છે કે, શહેરમાં બેફામ વધી રહેલા હોટ ફિક્સ પ્લાસ્ટિક વેસ્ટના કારણે સુરત પોતાનો નંબર-1નો તાજ ગુમાવી શકે છે. સ્વચ્છતા સર્વેક્ષણ ચાલુ હોવા છતાં શહેરમાં ગંદકી અને ન્યુસન્સનું પ્રમાણ ચરમસીમાએ પહોંચ્યું છે, પુણાગામ વિસ્તારમાં શિવમ કોમ્પ્લેક્સના પાછળના ભાગમાં વહેલી સવારે હોટ ફિક્સના કચરાના ઢગલામાં અચાનક આગ ભભૂકી ઊઠવાની ઘટના બની હતી. આ આગની જ્વાળાઓ ઝડપથી પ્રસરવાથી દીવાલની પાછળ પાર્ક કરેલી બે કાર પણ લપેટમાં આવતાં માંડ માંડ બચી ગઈ હતી.

વરાછા સહિતના વિસ્તારોમાં હોટ ફિક્સિંગના પ્લાસ્ટિક કચરાના વિશાળ અંબાર ખડકાઈ ગયા છે, જાહેર માર્ગો પર આ જ્વલનશીલ કચરો ફેંકાતો હોવાથી સુરક્ષા વ્યવસ્થા જોખમાઈ છે. કચરાના વ્યવસ્થિત નિકાલની કોઈ નક્કર વ્યવસ્થા મનપા પાસે ન હોવાથી સ્થાનિક રહીશોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે અને વારંવાર રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કડક નીતિ ઘડવામાં આવી નથી. આ અંગે રોષ વ્યક્ત કરતા ધારાસભ્ય કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર જો આ ગંદકી અને પ્લાસ્ટિકના ન્યુસન્સ સામે યોગ્ય વ્યવસ્થા નહીં કરે, તો આપણે નંબર એક ચોક્કસ ગુમાવીશું અને જો સુરત સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમે નહીં આવે તો તેની સંપૂર્ણ જવાબદારી મનપા તંત્રની રહેશે.


## અનાવિલ અવસાન



સ્વ. બિનીતાબેન
પ્રકાશભાઈ આગા
સ્વ. તા. ૨૦/૧૦/૨૦૨૬

॥ ૐ શાંતિ ॥

દિલગીરી સાથે જણાવાનું કે મારી પત્ની સ્વ. બિનીતાબેન પ્રકાશભાઈ આગા નું મંગળવાર આસો સુદ દશમ તા. ૨૦/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. બેસણું રાખવામાં આવેલ નથી અને લૌકિક રીવાજ બંધ છે.

લિ. પ્રકાશભાઈ ધનસુખભાઈ આગા (પતિ)
ગ્રીષ્મા પ્રકાશભાઈ આગા (પુત્રી)
રક્ષાબેન બળદેવકુમાર દેસાઈ (નણંદ)
બળદેવકુમાર ડાહ્યાભાઈ દેસાઈ (નણદોઈ)
યેશા બળદેવકુમાર દેસાઈ (ભાણેજ)

રહેઠાણઃ ૧૪, ગૌરીપાર્ક, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.
મો. ૯૫૩૭૩૧૯૪૧૫ (પ્રકાશભાઈ)